વિચિત્ર અકસ્માતમાં ફૂલ જેવી ૧૩ વર્ષીય દીકરીનું મોત : માલપુર ગામે ટ્રેક્ટર વીજપોલ સાથે અથડાતા વીજપોલ પડતા બાળકીનું મોત

અરવલ્લી જીલ્લામાં ટ્રાફિકના નિયમનો ઉલાળિયો કરી બેફામ ગતિએ અને ગફલતભરી રીતે વાહનચાલકો વાહન હંકારી અકસ્માત સર્જી નિર્દોષ રાહદારીઓનો ભોગ લઈ રહ્યા છે માલપુરના સ્મશાન રોડ પર એક વિચિત્ર અકસ્માતની ઘટના સર્જાઈ હતી માટી ભરેલ ટ્રેક્ટર વીજપોલ સાથે અથડાતા વીજપોલ તૂટી રોડ સાઈડ કપડાં ધોતી બાળકી પર પડતા ઘટનાસ્થળે બાળકીનું મોત નીપજ્યું હતું પરિવારમાં માતમ છવાયો હતો માલપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. માલપુરના સ્મશાન રોડ નજીક ભરથરી પરિવારો વસવાટ કરી રહ્યા છે આશાબેન બાલાભાઈ ભરથરી નામની ૧૩ વર્ષીય બાળકી પર વીજપોલ પડતા કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું તળાવ માંથી માટી ભરેલ ટ્રેક્ટરના ચાલકે સ્માશાન રોડ પરથી પસાર થતા રોડ નજીક રહેલા વીજપોલ સાથે અથડાતા વીજ પોલ તૂટી ઘર નજીક રોડ પાસે કપડાં ધોતી આશા ભરથરી પર પડતા શરીરે ગંભીર ઈજાઓ થતા લોહીના ખાબોચિયાં ભરાઈ ગયા હતા બાળકીનું ઘટનાસ્થળે પ્રાણ પંખરું ઉડી જતા પરિવારજનો અને આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા પરિવારજનોએ રોકોક્કળ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી અકસ્માતની ઘટનાની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

બાલીસણા ગામના બે યુવાનોને અકસ્માત નડયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દલાનીમુવાડી પાસે બાઇક સ્લીપ ખાઈ જતા પ્રાંતિજના બાલીસણા ગામના બે યુવાનનોને ઈજાઓ પોહચી. પ્રાંતિજના મજરા તલોદ રોડ ઉપર આવેલ દલાની મુવાડી ખારીનદીના પુલ પાસે બાઈક ઉપર જઈ રહેલ બાલીસણા ગામના બે યુવાનો અકસ્માત નડયો બન્ને યુવાનો બાઈક ઉપર પ્રાંતિજના દોલતાબાદ ગામે મામેરા મા જઈ રહ્યા હતા તે દરમ્યાન પુલ પાસે ય્ત્ન૦૯ઢ્ઢઝ ૦૦૧૫ નંબર નુ બાઈક સ્લીપ ખાઈ જતા બાઈક ઉપર જઈ રહેલ બાલીસણા ગામના વિરસિંગ મંગળસિંગ તથા ભાથીસિંગ લક્ષ્મણ સિંગ જમીન ઉપર પટકાતા બન્ને ને હાથે પગે ઈજાઓ પોહચી હતી તો અકસ્માત ને લઈ ને લોકો ના ટોળેટોળા દોડી આવ્યા હતા એમથી કોઈ ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવવામા લેટ થતા બન્ને ઈજાગ્રસ્તો ને પ્રાઈવેટ વાહન મા તલોદ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ભંગાર માર્ગોની ચોમાસા પૂર્વે મરામત કરવા માંગ

ભંગાર માર્ગો ચોમાસામાં જોખમ વધારશે

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચોમાસુ નજીક આવતાં જ સરકારી તંત્રએ એક્શન પ્લાન ઓન્લી કાગળ ઉપર જ અમલી બનાવ્યો હોય તેમ કેટલીય ક્ષતિઓ જોવા મળી રહી છે. જ્યારે માર્ગ અને મકાન વિભાગની હજુ ઉંઘ ઉડી ન હોય તેમ ભંગાર રસ્તાઓ જૈસે થે હાલતમાં રહેતાં આગામી ચોમાસા દરમ્યાન ભંગાર માર્ગો અત્યંત જોખમી પૂરવાર થાય તેમ છે ત્યારે તંત્ર ઝડપથી રસ્તાના મરામતના કામો શરૂ કરાવે તેવી માંગ ઉઠવા પામી છે. ચોમાસુ નજીક આવતાં જ સરકારી તંત્રના તમામ વિભાગોને સાબદા બનાવી દઈ એક્શન પ્લાન અમલી બનાવી દેવાયો છે. જિલ્લામાં દર વર્ષે એક્શન પ્લાન અમલમાં હોય ત્યારે જ ચોમાસાનો વરસાદ તમામ પ્લાનની પોલ ખોલી નાખતો હોય છે. જિલ્લામાં ચોમાસા દરમ્યાન ગામડાઓનો સંપર્ક જળવાયેલો રહે અને કપરી પરિસ્થિતિમાં એમ્બ્યુલન્સ વાન સહિત અન્ય વાહનો મદદે પહોંચી શકે તે માટે રસ્તાઓ મહત્વના સાબિત થતા હોય છે પરંતુ માર્ગ અને મકાન વિભાગ આ બાબતથી બેખબર હોય તેમ એક્શન પ્લાનની અમલવારી પછી પણ જિલ્લાના અનેક ભંગાર માર્ગો ઉપર મરામતની કામગીરી હાથ ધરાઈ ન હોવાથી વરસાદી પાણીમાં ભંગાર માર્ગો અત્યંત જોખમી બની શકે તેમ છે. જિલ્લામાં માર્ગોની કાયા પલટ માટે દર વર્ષે લાખો રૂપિયાની ગ્રાન્ટો ફળવાય છે અને મરામત માટે અલગથી ગ્રાન્ટ ફળવાતી હોવા છતાં ગ્રામ્ય વિસ્તારોના રસ્તાઓની હાલત દયનીય જોવા મળી રહી છે. જિલ્લામાં માર્ગોની સુધારણા હેઠળ આવતી ગ્રાન્ટોનું મોટા પાયે સેટીંગ થઈ જતું હોય અને ભંગાર રસ્તા માત્ર કાગળ ઉપર જ મરામત થતા હોય તેમ ગ્રામ્ય વિસ્તારોના રસ્તા આજે પણ ખખડધજ અવસ્થામાં સબડી રહ્યા છે જ્યારે ચોમાસા દરમ્યાન ભંગારમાં પરીવર્તિત થયેલા રસ્તાઓનું અસ્તિત્વ પણ ભૂંસાઈ જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે તંત્ર આળસ ખંખેરી ચોમાસા પૂર્વે રસ્તાની મરામતના કામો હાથ ધરાવે તેવી માંગ કેટલાક વિસ્તારોમાંથી ઉઠવા પામી છે.

ધનસુરા તાલુકાના શીકા ખાતે સમૂહ યજ્ઞોપવીત સંસ્કાર યોજાયા

મોડાસા વિભાગ વિસનગરા નાગર સમાજ દ્વારા શીકામાં સમૂહ યજ્ઞોપવીત સંસ્કારનું આયોજન કરાતા ૨૦ બટુકોને સમૂહમાં યજ્ઞોપવીત સંસ્કાર ધારણ કરાવાયા હતા. આ પ્રસંગે અમદાવાદ ખાડિયા કોર્પોરેટર પંકજ ભટ્ટ, સુંદરપુર મહંત ઉપસ્થિત રહી તમામ બટુકોને આશીર્વચન અને ગિફ્ટ અર્પણ કરી હતી. જ્યારે સમાજ પ્રમુખ સુભાષ ભટ્ટે અગ્રણીઓનો જ્ઞાતિબંધુઓ નો આભાર વ્યક્ત કર્યો હતો.

ડીસાના વોર્ડ નં.૧માં ભાજપ કાર્યકરોની ટિફિન બેઠક સંપન્ન

સરકારની જન કલ્યાણકારી અને સુખાકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા હાકલ



પ્રદેશ ભાજપની યોજનાનુસાર અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલજીના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં તમામ મહાનગરો અને જિલ્લાઓમાં આગામી સંગઠનાત્મક કાર્યક્રમો અંતર્ગત અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તાઓ સાથે ટીફીન બેઠક યોજાઈ રહી છે ત્યારે આજે તે અંતર્ગત ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા અને શહેર ભાજપ પ્રમુખ પ્રતિક પઢીયાર મહામંત્રી હકમાજી જોષી તથા રાકેશભાઈ પટેલની સૂચનાથી તથા હાઈકમાન્ડના આદેશથી ડીસા શહેરમાં આવેલા ત્રણ હનુમાન મંદિર પાસે વોર્ડ નં.૧ માં ટીફીન બેઠક સંપન્ન થઈ હતી.આ તકે વોર્ડ નં.૧ ના શક્તિ કેન્દ્રના પ્રમુખ લાલાભાઈ ઠક્કર, જગદીશભાઈ મોદી, કલ્પેશ ભારથી, કેતનભાઈ ચૌધરી, રિકલ જે. પંડ્યા, સંદીપ જી. સુથાર, વિપુલ ટી. ત્રિવેદી, દિનેશભાઈ ખત્રી, હિતેશભાઈ સોની, જિગ્નેશ ભાઈ,ચંદ્રિકાબેન ઠક્કર,શાંતિ ભાઈ પંચાલ વોર્ડ નં. એકના આગેવાન સહિતના અગ્રણીઓએ આગામી વિધાનસભાની ચૂંટણી અંતર્ગત વિવિધ સંગઠનાત્મક બાબતો પરત્વે ઉપસ્થિત કાર્યકર્તાઓને માર્ગદર્શન પુરૂ પાડેલ તેમજ કેન્દ્ર અને રાજ્યની ભાજપા સરકારની અનેકવિધ જનકલ્યાણકારી, જનસુખાકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ તેમજ કાર્યકર્તાઓ સાથે ટીફીન ભોજનનો સ્વાદ માણ્યો હતો આ પ્રસંગે મિડિયા સેલ કન્વીનર કાન્તિલાલ લોધા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રાયબલ વિસ્તારોમાં નલ સે જલ યોજનાના કામમાં મોટો ભ્રષ્ટાચાર

દિગથલી વિસ્તારમાં જૂથ યોજનાનું પાણી પહોંચાડવા ઓછી ઉંડાઈએ પાઈપો નાખવાનું કૌભાંડ

ટૂંક સમયમાં પાઈપો બહાર દેખાઈ, પશુઓ પસાર થાય તો પણ પાઈપો તૂટવાના ભયથી રોષ : પાઈપો નાખવામાં તંત્રની આંખમાં ધૂળ નંખાતાં ઉચ્ચ કક્ષાએ ફરિયાદના ભણકારા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૯

ખેડબ્રહ્મા તાલુકાના ટ્રાયબલ વિસ્તારોમાં નલ સે જલ યોજનાના કામમાં એજન્સીઓ લોલમલોલ ચલાવી રહી છે. તાલુકાના દિગથલી વિસ્તારમાં ચાલી રહેલા જૂથ યોજનાના કામમાં કોન્ટ્રાક્ટ પાઈપો જમીનમાં ઉંડી નાખવાને બદલે જમીની સ્તર ઉપર માત્ર માટી અને પથ્થરોથી ઢાંકી દેતાં લાલીયાવાડી સામે રોષ ભભૂક્યો છે. ઓછી ઉંડાઈની પાઈપ નાખવાના કારણે પશુઓ પસાર થાય તો પણ પાઈપો તૂટવાનો ભય દેખાઈ રહ્યો છે. જૂથ યોજનાઓનું પાણી પહોંચાડવાના કામોમાં મોટાપાયે ગેરરીતીઓની તપાસ થાય તો કામ કરનાર એજન્સીઓનો મોટો ભ્રષ્ટાચાર બહાર આવવાની સંભાવના છે.

આદિવાસી વિસ્તારોમાં જૂથ યોજનાનાં પાણી ઘરે ઘરે પહોંચાડવા માટે મોટાપાયે ગેરરીતી આચરવામાં આવી હોવાની ફરિયાદો સમયાંતરે સામે આવી રહી છે. નલ સે જલ યોજનામાં કામો કાગળ ઉપર પૂર્ણ બતાવવામાં આવ્યાં છે પરંતુ સ્થળ પરિસ્થિતિ ચકાસવામાં આવે તો નલ સે જલ યોજનાનું મોટું ભોપાળું બહાર આવી શકે છે. તાલુકાના દિગથલી ગામે છેલ્લા કેટલાક સમયથી ધરોઈ જૂથ યોજનાનું પાણી પહોંચાડવા માટે પાઈપ નાખવાની કામગીરી શરુ કરવામાં આવી છે પરંતુ મોતીપુરા સહિતના વિસ્તારોમાં કોન્ટ્રાક્ટરે કામમાં વેઠ ઉતારતાં પ્રજામાં રોષ ચરમસીમાએ છે. પાઈપ નાખવાની મહત્તમ ઉંડાઈ ૩ ફૂટની હોવા છતાં કામ કરનાર એજન્સીએ માત્ર જમીની સ્તર ઉપર પાઈપો નાખી તંત્રની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ કર્યો છે. ઉનાળાના કારમા દિવસોમાં પ્રજા પાણી માટે વલખા મારી રહી છે. જેથી સરકાર દ્વારા ઘેર ઘેર નળથી પાણી આપવા માટે જૂથ યોજનાના કામો પાછળ લાખો રુપિયાનું આંધણ થઈ રહ્યું છે પરંતુ કોન્ટ્રાક્ટરે બેદરકારી દાખવી જેમ તેમ કામ પુરુ કરવાની પેરવી કરતાં ઉચ્ચ કક્ષાએ ફરિયાદ માટે ચક્રો ગતિમાન થયા છે. તાલુકા અને જિલ્લાના જવાબદાર તંત્ર દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવે તો દિગથલી સહિતના વિસ્તારોમાં નલ સે જલ યોજનામાં ચાલતી લાલીયાવાડીનો પર્દાફાશ થઈ શકે છે.

આદિવાસી વિસ્તારોમાં કામની ગુણવત્તા જરાય જળવાતી ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. ઓછી ઉંડાઈએ માત્ર માટી અને પથ્થરોથી જૂથ યોજનાની પાણીની પાઈપો ઢાંકી દેવામાં આવતાં પાઈપ ફાટવાનો દેખીતો ભય છતાં

સરપંચ શું કહે છે

દિગથલી ગ્રામ પંચાયતના મહિલા સરપંચ મોદનમેન ડાભીએ જણાવ્યું કે ગ્રામ પંચાયત તાબાના વિસ્તારોમાં જૂથ યોજનાનું પાણી આપવા પાઈપો નાખવાની કામગીરી ચાલી રહી છે. મોટાભાગે યાંત્રિક મશીનથી પાઈપો નંખાઈ રહી છે પરંતુ ક્યાંક વધુ પથરાળ જમીનના કારણે ઓછી ઉંડાઈએ પાઈપો નાખી હોઈ શકે છે. મને આ વિશે જાણકારી મળશે તો તપાસ કરાવીશ.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પરવાના વગર પેટ્રોલ વેચવાનો ધિક્તો ધંધો : વાહન ચાલકોની ઉઘાડી લૂંટ

ગામડાઓમાં લીટર પેટ્રોલનો ભાવ રૂા.૧૨૫એ પહોંચ્યો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પેટ્રોલમાં ભાવ વધારા બાદ વાહન ચાલકો ભારે પરેશાન બની રહ્યા છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં પરવાના વગર પેટ્રોલ વેચવાના ચાલતા ધિક્તા ધંધામાં પણ ભાવો વધારી દેવાતાં ગ્રામ્ય વિસ્તારોના વાહન ચાલકો લૂંટાઈ રહ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પાનના ગલ્લાથી માંડી કટલરીની દુકાનોમાં પણ છૂટથી પેટ્રોલ વેચાઈ રહ્યું છે અને મરજી મુજબ ભાવ વસુલાતા હોય તેમ લીટર પેટ્રોલના ભાવ ૧૨૫ સુધી વસુલાતાં વાહન ચાલકોમાં ભારે આક્રોશ ઉભરી આવ્યો છે.

જિલ્લામાં પુરવઠા તંત્રની નિષ્ક્રિયતાથી કેરોસીનના કાળા બજારને ઉત્તેજન મળ્યું છે જ્યારે મુસાફરો ભરીને દોડતાં વાહનોમાં ડીઝલના બદલે કેરોસીનનો મહત્તમ ઉપયોગ થતો હોવા છતાં કોઈ જ પગલાં ભરવામાં આવતાં નથી જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં પુરવઠા તંત્રએ છૂટક પેટ્રોલ વેચવાના પરવાના આપ્યા હોય તેમ અનેક ગામોમાં પેટ્રોલ વેચવાનો ધિક્તો ધંધો શરૂ થયો છે. જિલ્લામાં મોટા ભાગના પેટ્રોલ પંપ હાઈવે માર્ગો અને તાલુકા મથકોએ આવેલા હોવાથી ગ્રામ્ય વિસ્તારોના વાહન ચાલકોને પેટ્રોલ ભરાવવા માટે અંદાજીત ૮ થી ૧૫ કી.મી. સુધી લાંબુ થવું પડતું હોય છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં ૧૦થી ૧૨ કી.મી.ના અંતરે પણ પેટ્રોલ પંપ ન હોવાથી વાહન ચાલકોની દુઃખતી નસ કેટલાક લોકોના ધ્યાન પર આવી ગયા બાદ ગ્રામ્ય વિસ્તારોમાં છૂટક પેટ્રોલનું વેચાણ શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં પાનના ગલ્લાથી માંડી કટલરીની દુકાનોમાં પણ પેટ્રોલના કેરબે..કેરબા સલામતીની પરવા કર્યા વિના ભરી રાખવામાં આવે છે અને ગરજવાન વાહન ચાલક પેટ્રોલ પુરાવવા માટે આવે ત્યારે લીટર પેટ્રોલના ભાવ રૂા.૧૨૫ થી માંડી ૧૩૫ સુધી ખંખેરવામાં આવતો હોય છે પરંતુ પરવાના વગર ગામડાંમાં વેચાતું પેટ્રોલ અત્યંત મોંઘુ બની જતાં વાહન ચાલકો પરેશાન બની રહ્યા છે. સામાન્ય રીતે કોઈપણ ધંધામાં પરમીશન માંગવી જરૂરી છે પરંતુ પુરવઠા વિભાગે ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલ વેચવાના જાણે કે કેટલાક લોકોને પોઈન્ટ આપી દીધા હોય તેમ પેટ્રોલ વેચી વાહન ચાલકો સાથે ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે. જ્યારે સલામતીની કોઈ ચિંતા કર્યા વગર પેટ્રોલ ભરેલા કેરબા દુકાનોમાં જ રાખવામાં આવતા હોવાથી ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાવવાની પણ ભીતી સેવાઈ રહી છે ત્યારે તંત્ર પરવાના વગર પેટ્રોલ વેચી વાહન ચાલકોનાં ખિસ્સાં ખંખેરતા લેભાગુઓને જબ્બે કરે તે જરૂરી છે.

પ્રાંતિજના વાઘરોટા ગામેથી ઘર આગળ પાર્ક કરેલ બાઈક ચોરાતા પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વાઘરોટા ગામમાંથી રાત્રીના સમયે ઘર આગળ પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યા બાઈક ચોર ચોરી કરી ને લઈ જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બાઈક માલિક દ્વારા અજાણ્યા બાઈક ચોરો સામે પોલીસ ફરિયાદ કરી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના વાઘરોટા ગામે રહેતા ભાવેશ કુમાર ગોવિંદભાઈ પટેલ કે જેવો નુ હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નંબર- ય્ત્ન૦૯-ઝ્રમ ૭૩૭૭ જેની આશરે કિંમત- ૨૫૦૦૦ કે જે ઘર આગળ રાત્રીના સમયે પાર્ક કર્યુ હતુ જે બાઈક સવારે ઘર આગળ ના હોવાથી બાઈક માલિક દ્વારા સંગાસંબધીઓ સહિત મિત્ર વર્ગ મા તપાસ કર્યા પછી કોઇ જગ્યાએ ના મળી આવતા બાઈક માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે અજાણ્યા બાઈક ચોરો સામે ફરિયાદ નોંધી આગળ ની કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

ગુજેરીમાં વિજ ડીપીનું જંમ્પર લગાવા જતાં યુવકને કરંટ લાગ્યો

જીવલેણ હાદસો થતાં અટક્યો : વિજતંત્ર સામે સવાલ ઉભા થયા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૯

ધનસુરા તાલુકાના ગુજરી ગામે વિજ પુરવઠો ખોરવાયા પછી ડીપી ઉપર જંમ્પર લગાવા જતાં સ્થાનિક યુવકને કરંટ લાગતાં ગંભીર હાલતમાં સારવાર માટે વાત્રક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જીવલેણ વિજ હાદસો થતાં માંડ ટળ્યો પરંતુ આ સાથે વિજ તંત્ર સામે અનેક સવાલ ઉભા થયા છે. વીજળી ન હોવાથી મૂંગા પશુઓ તરસે મરતાં ભલમનશાહીમાં યુવકે જેમ્પર લગાવાનો પ્રયાસ કર્યો પરંતુ વિજ કરંટથી જીવ જોખમમાં મૂકાઈ ગયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળાના આરંભ સાથે વીજળી ડૂલ થવાના કિસ્સા વધ્યા છે. વિજ તંત્રના જવાબદારોને રજૂઆત કરવા છતાં કલાકો સુધી વીજળી ગાયબ રહેતી હોય છે. તાલુકાના ગુજરી ગામે તા.૭ના રોજ કાળઝાળ ગરમીમાં ઓચિંતો વિજ પુરવઠો ખોરવાઈ ગયો. જવાબદાર કર્મચારીઓને તેની જાણ કરવામાં આવી હોવા છતાં કલાકો સુધી કોઈ સમારકામ માટે પહોંચ્યું ન હતું જેથી દિપક મુકેશભાઈ ઠાકોરે વિજ ડીપીમાં જંમ્પર બળી ગયું હોવાથી પુરવઠો ખોરવાયો છે તે જોતાં પોતાની રીતે ડીપી ઉપર જંમ્પર ચઢાવાનો પ્રયાસ કર્યો હતો જે સમયે યુવકને કરંટ લાગતાં દૂર ફંગોળાઈ ગયો હતો. ભારે વિજ પ્રવાહના કારણે યુવકને પગ તેમજ શરીરના અન્ય ભાગે ઈજા થતાં હોહા મચી. તાબડતોબ ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે વાત્રકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ગામડાઓમાં વિજ ફોલ્ટ થાય તો દૂર કરવા માટે હેલ્પર સહિતનો સ્ટાફ મૂકવામાં આવ્યો હોવા છતાં કોઈ સમારકામ માટે ફરક્યું ન હોવાથી સ્થાનિક યુવકને જીવના જોખમે ડીપી ઉપર જંમ્પર ચઢાવાની ફરજ પડી હોવાનું બહાર આવતાં વિજ તંત્રના જવાબદારો સામે અનેક આક્ષેપ થઈ રહ્યા છે.

ઉત્તર ગુજરાતમાં ઓળખ ગુમાવતી ઋતુઓ : પર્યાવરણના અભ્યાસમાં ચોંકાવનારૂ તારણ બહાર આવ્યું

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૯

ઉત્તર ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરોથી પર્યાવરણને માઠી અસર પહોંચતાં ઋતુઓ પોતાની ઓળખ ગુમાવતી હોવાનું ખેડૂતો અને પ્રજાએ અનુભવ્યા પછી પર્યાવરણ અંગે ગુજરાત એગ્રીકલ્ચર લેબર યુનિયન અને ઈન્ટરનેશનલ યુનિયન ઓફ હુક વર્કસ દ્વારા હાથ ધરાયેલા અભ્યાસમાં ઉત્તર ગુજરાતમાં ઋતુઓ ધીરે ધીરે ઓળખ ગુમાવી અદ્રશ્ય થઈ રહ્યાનું ચોંકાવનારૂ તારણ બહાર આવ્યું છે.

અત્યાર સુધી પશ્ચિમી દેશો સુધી સિમિત રહેલી ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની વિકરાળ સમસ્યા ઘર સુધી આવી પહોંચતાં છેલ્લા કેટલાક વર્ષોથી ઉત્તર ગુજરાતમાં પર્યાવરણ અસંતુલિત બની રહ્યું છે. જ્યારે સમગ્ર વાયુમંડળ દૂષિત થયું હોય તેમ કેટલાક વર્ષોથી ઋતુઓ પોતાની ઓળખ ગુમાવી રહી છે અને તેના અનેક ઉદાહરણો અગાઉ પણ જોવા મળ્યાં છે. ઉત્તર ગુજરાતના વાતાવરણને ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરોએ મોટું નુક્સાન પહોંચાડ્યું હોય તેમ અગાઉ ભરચોમાસે દિવસો સુધી વરસાદ અદ્રશ્ય રહ્યો હતો. જ્યારે ઉનાળામાં અદલ ચોમાસા જેવો માહોલ ઉભો થઈ કમોસમી માવઠું વરસતાં સૌ કોઈ બદલાતા હવામાનથી ચિંતિત બન્યા હતા અને હવે ઉનાળામાં તાપમાનનો પારો પણ ઉંચકાઈ રહ્યો હોવાથી કુદરતનું આખુંય ઋતુચક્ર ખોરંભે પડવાથી મુખ્ય ઋતુઓમાં વિપરીત અસરો જોવા મળતી હોવાનું સૌ કોઈ બોલી રહ્યા છે ત્યારે રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં ગરીબ ખેડૂતો પર્યાવરણમાં આવી રહેલા બદલાવનો કેવી રીતે ભોગ બની રહ્યા છે તે અંગે ગુજરાત એગ્રીકલ્ચર લેબલ યુનિયન અને ઈન્ટરનેશનલ યુનિયન ઓફ હુક વર્કસ દ્વારા અગાઉ એક અભ્યાસ હાથ ધરી અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો જેમાં ઉત્તર ગુજરાતમાં ઋતુઓ પોતાની ઓળખ ગુમાવી રહ્યાનું જાણવા મળ્યું છે. તમામ ઋતુઓ જાણે કે અદ્રશ્ય થઈ રહી હોય તેમ અભ્યાસ દરમ્યાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠાથી માંડી પૂર્વના દાહોદ સુધીના વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં ઋતુઓમાં ફેરબદલાવ ખેડૂતો માટે ફટકારૂપ સાબિત થવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત છેલ્લા કેટલાક વર્ષોથી વરસાદ અનિયમિત થવાની સાથે ઝાકળનું પ્રમાણ ઘટ્યું છે ત્યારે ભૂગર્ભ જળની સપાટી નીચી જવાથી ખેડૂતોને પાણી પણ ઓછું મળતું હોવાથી કૃષિ ઉત્પાદનને અસર થવાની સંભાવના વ્યક્ત થઈ છે. ઉત્તર ગુજરાતના ખેતીની સાથે પશુપાલનનો વ્યવસાય વિકસ્યો છે ત્યારે ગ્લોબલ વોર્મિંગની અસરોથી વધતી ગરમીમાં પશુધનમાં તણાવ વધવાથી દૂધની ક્ષમતામાં પણ ઘટાડો નોંધાય છે આ ઉપરાંત ઘાસચારાની અછતથી દૂધના ફેટમાં ઘટાડો થતો હોવાથી પશુપાલકોને દૂધની કિંમત ઓછી મળતી હોવા સહિતની બાબતો ઉપર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. છેલ્લા કેટલાય સમયથી ઉત્તર ગુજરાતના ઋતુચક્રમાં આમૂલ પરીવર્તન આવ્યા પછી મુખ્ય ઋતુઓ પોતાની ઓળખ ગુમાવતી હોય તેવું સૌ કોઈ અનુભવતા હતા પરંતુ હવે અભ્યાસમાં ઋતુઓ અદ્રશ્ય થઈ રહ્યાનું ચોંકાવનારૂ તારણ બહાર આવ્યું છે ત્યારે ખોરંભે જતા પર્યાવરણને બચાવી લેવા માટે સહીયારા પ્રયાસો હાથ ધરાય તો જ ઓળખ ગુમાવતી ઋતુઓને બચાવી શકાય તેમ છે.

જો તમારી પાસે ઇકો કાર છે તો ચેતી જજો

સાઈલેન્સર ચોરતી ગેંગ સક્રિય : ધનસુરામાં ઘર નજીક પાર્ક કરેલી ઈકો કારના સાઈલેન્સરની ચોરી

મોડાસા, તા. ૯

વાહનોના સાયલેન્સરોમાં કેટાલિક કન્વર્ટર આવે છે અને પ્રદુષણ ન ફેલાય તે માટે આ કન્વર્ટરમાં કિંમતી ઘાતુ એવી પેલટિનમની જાળી હોય છે. જેને માટી કહેવામાં આવે છે. કિંમતી ધાતુઓનું મિશ્રણ ધરાવતી સૌથી મોટી જાળી ઈકો કારના સાયલેન્સરમાં આવતી હોવાથી અને ૧૦ થી ૧૫ હજાર રૂપિયા કેટાલીક કન્વર્ટર માંથી મળતા હોવાથી રાજ્યમાં ઈકો કારમાંથી સાયલેન્સરની ચોરી કરતી અનેક ગેંગ સક્રિય થઈ છે.

અરવલ્લી જીલ્લામાં ઈકો કારના સાયલેન્સર ચોરતી ગેંગ સક્રીય થઈ ધનસુરાની યમુના નગર સોસાયટીમાં વેપારીના



ઘર આગળ પાર્ક કરેલી ઈકો કારને નિશાન બનાવી સાયલેન્સર ચોરી કરી ફરાર થઈ જતા જીલ્લામાં ઈકો કારના માલિકોમાં ફફડાટ ફેલાયો છે

ઈકો કારમાંથી સાયલન્સરની ચોરી કરતી ગેંગ અરવલ્લી જિલ્લામાં સકીય થતા પોલીસતંત્રનું કામ વધારી શકે છે

પ્રાપ્ત માહિતી અનુસાર, ધનસુરાની યમુના નગર સોસાયટીમાં રહેતા અને વાસણનો વેપાર કરતા લક્ષ્મીલાલ કજોડીમલ કોઠારીની ઘર આગળ પાર્ક કરેલી ઈકો કાર (ગાડી.નં -GJ 31 N 0360) ચાલુ કરતા ઈકો કારનો અવાજ બદલાયેલો જણાતા તેમને ઈકો કારનું સાઈલેન્સર ચેક કરતા ગાયબ જણાતા ચોંકી ઉઠ્યા હતા તેમની ઈકો કારમાંથી સાઈલેન્સરની ચોરી થતા ધનસુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ધનસુરા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગલેચી ભાગોળ થી કમાલપુર કોલેજ રોડ બિસ્માર હાલત મા અનેક વાર રોડ પહોળો કરવા તથા નવીન રોડ બનાવવા તંત્ર મા રજુઆતો બાદ પણ બિસ્માર રોડ નુ કામ કે પહોળો ના થતા એક અલ્ટોકાર સાઈડ મા આવેલ બોખ મા પલ્ટીખાઈ ગઈ.

ડીસામાં મંજૂરી મુદ્દે શોપિંગ સેન્ટરના બાંધકામ ઉપર પાલિકાનો મનાઈ હુકમ

શહેરમાં બિનધિકૃત બાંધકામ કરતા માલિકોમાં ફફડાટ

ડીસા શહેરના લાઠી બજાર વિસ્તારમાં શોપિંગ સેન્ટરના ચાલી રહેલા કામ પર નગરપાલિકા દ્વારા મનાઈ હુકમ આપવામાં આવ્યો છે.લાઠી બજારથી હરિઓમ શાળા તરફ જતાં વ્હોળામાં એકતા એજન્સીની બાજુમાં આ શોપિંગ સેન્ટરના બાંધકામનું કામ ચાલુ છે. આ કામકાજ શરૂ કરતાં પહેલા શોપિંગ કોમ્પ્લેક્ષના માલિક દ્વારા મંજૂરી મેળવવામાં આવી છે કે નહીં તે અંગે ડીસા નગરપાલિકા દ્વારા અગાઉ ત્રણ વખત નોટિસ ફટકારવામાં આવી હતી અને નોટિસ ફટકાર્યા બાદ શોપિંગ કોમ્પ્લેક્ષના માલિકને પોતાનો જવાબ રજૂ કરવા માટે પાલિકા કચેરી બોલાવવામાં આવ્યો હતો.. પરંતુ શોપિંગ કોમ્પ્લેક્ષના માલિક દ્વારા આ નોટિસનો કોઈ જ પ્રકારનો જવાબ આપવામાં ના આવતા આજે ડીસા નગરપાલિકાના દબાણ શાખાના અધિકારી મનોજભાઈ પટેલ અને સંદીપભાઈએ ચાલી રહેલા બાંધકામને તાત્કાલિક અસરથી બંધ કરી દેવાનો મનાઈ હુકમ આપ્યો છે. આ અંગે ડીસા નગરપાલિકાના ચીફ ઓફિસરનો સંપર્ક કરતાં તેમણે પોતે બહાર હોવાનું જણાવ્યુ હતું.